


પાલનપુર ભક્તોની લીંબડી વિસ્તારમાં ઘણા સમયથી પાલનપુર નગરપાલિકા દ્વારા સફાઇ ન કરાતા ભારે ગંદકીના ઢગ ખડકાયા છે .એક તરફ વહીવટી તંત્ર શહેરમાં રોગચાળો વધુ ન પ્રસરે તે માટે શહેરના વિસ્તારોમાં દવાનો છંટકાવ કરી તેમ જ વધુ કડકાઇ હાથ ધરી રહ્યા છે ત્યારે પાલનપુર શહેરના ભક્તોની લીંબડી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ઉભરાતી ગટરોની સફાઇ ન કરાતા સમગ્ર વિસ્તાર દુર્ગંધ મય બનવા પામ્યો છે જ્યારે આ વિસ્તારમાં શંકાસ્પદ ચાર ડેન્ગ્યુના કેસ થયા છે અને તે તમામ અત્યારે સારવાર હેઠળ છે અને વધુ કેસ ન બને તે માટે બનાસકાંઠા કલેકટર અને પાલનપુર નગરપાલિકા પ્રમુખ ગંભીરતા દાખવી દિવાળીના દિવસોમાં આ વિસ્તારમાં ચોરી સ્વચ્છતા અભિયાન ચલાવી સફાઇ કરાવે તેવી પ્રચંડ માંગ ઉઠવા પામી છે અસહ્ય ગંદકીના કારણે સ્થાનિક લોકો રોગચાળાની ભીતિથી ફફડી રહ્યા છે અવારનવાર રજૂઆતો સ્થાનિક લેવલે અને નગરપાલિકામાં કરવા છતાં સેનિટેશન વિભાગ કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યું છે આ વિસ્તાર સહિત અનેક વિસ્તારો જે ગંદકી હોય છે ત્યાં રોગચાળો ફાટે તે પહેલા તંત્ર જાગે એવી લોકોની પ્રચંડ માંગ ઉઠવા પામી છે.

### બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકોને દિવાળીની ભેટ

# બનાસ ડેરી પશુપાલકોને ચૂકવાતા ભાવમાં રૂપિયા ૧૫નો કરશે ભાવ વધારો

### પશુપાલકો માટે છ માસમાં સાતમી વખત ભાવ વધારતી બનાસ ડેરી

પાલનપુર, તા. ૨૩

જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે દિવાળીની ભેટ સમાન રૂ. ૧૫નો કરતા હવે દૂધ ઉત્પાદકોને રૂ. ૬૭૫ને બદલે રૂ. ૬૯૦ મળશે તેજ પ્રમાણે મંડળીકક્ષાએ પણ રૂ. (બનાસદાણ)માં પણ ભાવ ન વધારવાનો નિર્ણય કર્યો છે.

ઉલ્લેખનીય છે કે દૂધ



ભાવ વધારો ચૂકવવાનો નિર્ણય બનાસ ડેરીના નિયામક મંડળની મીટીંગમાં લેવાયો હતો. ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ દૂધ ઉત્પાદકોને કિલોફેટે રૂ. ૧૫નો ભાવ વધારો ચૂકવવાની જાહેરાત ૭૬૫ જમા થશે. જે બનાસ ડેરી માટે દૂધ ઉત્પાદકોને ભાવ ચુકવવાની ઐતિહાસિક ઘટના ગણાશે.

સાથે સાથે બનાસ ડેરી દ્વારા પશુપાલકોને અપાતા પશુદાણ

ઉત્પાદકોને સૌથી વધુ ભાવ ચૂકવતી બનાસ ડેરીએ છેલ્લા છ માસમાં આ સાતમી વખતનો કરેલો ભાવ વધારો જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે ખુશીની લહેર સમાન બનશે.

### અરવલ્લીના ખેડૂત પુત્ર હિરેન ચૌધરીને બોલીવુડમાં

# આસીસ્ટન્ટ સિનેમટોગ્રાફર બની અમિતાભ સાથે કામ કરવાનું સદભાગ્ય સાંપડ્યુ

મોડાસા, તા. ૨૩

અરવલ્લીના ખેડૂત પુત્રનું ટેલેન્ટ ઉજાગર કરતો અને ગૌરવ અપાવનાર કિસ્સો સામે આવતા જિલ્લામાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે.

મોડાસા તાલુકામાં દધાલીયા નજીક ઉમેદપુર ગામના ખેડૂત પુત્ર હિરેન ચૌધરીની કહાની કઈક આવી છે, કહેવાય છે ને કે ''મન હોય તો માળવે જવાય'' આ કહેવતને સાર્થક કરી છે. હિરેન ચૌધરી બોલીવુડ અને હોલિવુડની ફિલ્મોમાં કામ કરી રહ્યો છે. ફિલ્મનું નામ આવે એટલે આપણને ફક્ત હીરો કે હિરોઈન યાદ આવે, પરંતુ ફિલ્મના દેખાવ પાછળ બહુ મોટુ યોગદાન હોય છે. ડિરેક્ટર અને ડિરેક્ટર ઓફ ફોટોગ્રાફી એટલે કે સિનેમટોગ્રાફરનું... અને બીજા ઘણા ટેકનિશિયન લોકોનું... મોડાસાના ઉમેદપુર ગામના નાના ખેડૂત પરિવારમાંથી આવતો હિરેન બોલીવુડમાં આસીસ્ટન્ટ સિનેમટોગ્રાફેર તરીકે કામ કરી રહ્યો છે.



આ ઉપરાંત હોલિવુડની ફિલ્મોમાં વાયરલેસ લાઈટિંગ ઓપરેટરનું કામ પણ કરે છે. અરવલ્લી નહિ પરંતુ ગુજરાતમાંથી પહેલો યુવાન હશે કે બોલીવુડ અને હોલીવુડની જાણીતી હસ્તીઓ સાથે કામ કરે છે.

દ. ગુજરાત વિદ્યાપીઠમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન ઓડીયો વિઝ્યુઅલનો અભ્યાસ કરી અરવલ્લીનો ખેડૂત પુત્ર હિરેન પહોંચ્યો સ્વપ્નગરી મુંબઈમાં. જ્યાં કપરાં ચઢાણ હતા પરંતુ હિરેન માટે તે બહુ મુશ્કેલ ન હતુ. મુંબઈ પહોંચ્યા બાદ હિરેન ફિલ્મજગતમાં ખૂબજ જાણીતા ફિલ્મ સ્કોલર, હિસ્ટોરીયન, ક્રિટિક, ક્યુરેટર અને રાઈટર અમૃત ગંગરને મળ્યો. જે હિરેનને વિદ્યાપીઠના અભ્યાસ દરમિયાન એક સિનેમાના વર્કશોપમાં મળ્યા હતા. શરૂઆતમાં હિરેને મુંબઈમાં વિડિયો એડિટરની જોબ કરી અને ત્યારબાદ અમૃત સગરના જ રેફરન્સથી બોલીવુડ અને હોલિવુડના ઈન્ટરનેશનલ લેવલે જાણીતા લાઈટિંગ ડિઝાઈનર મુલચંદ ડેઢિયા સાથે તેની મુલાકાત થઈ અને તેમને મળ્યા બાદ હિરેનની જર્ની ચાલુ થઈ. જેમાં તે સૌ પ્રથમ હોલિવુડ ફિલ્મ ''કુગ ફુ યોગા''માં એક લાઈટિંગ ઈન્ટર્ન તરીકે જોડાયો અને શરૂઆત થઈ એડવાન્સહોલિવુડ સ્ટાઈલ લાઈટિંગના પાઠ શીખવાની. હિરેને 'કુંગ ફુ યોગા'માં વિશ્વ વિખ્યાત અભિનેતા જેકી ચેનને નજીકથી જોવાની અને જાણવાની તક મળી. ત્યારબાદ ૧ વર્ષ પછી માતા પિતાના કહેવાથી અભ્યાસ કરેલા સોફ્ટવેર એન્જિનિયરીંગના અભ્યાસના બેકગ્રાઉન્ડથી એક સિસ્ટમ બનાવી જેમાં આખા ફિલ્મસેટનું લાઈટિંગ હિરેન એક આઈપેડમાંથી મેનેજ કરી શકે અને એ પણ વાયરલેસ. જેનો ઉપયોગ હિરેને ત્યારબાદની ફિલ્મો 'વિક્ટોરિયા એન્ડ અબ્દુલ' અને 'હોટેલ મુંબઈ' તથા તાજેતરમાં ગયા વર્ષે અમદાવાદમાં શૂટ થયેલી હોલિવુડની બહુ મોટી ફિલ્મ જેમાં માર્વેલના સુપરહીરો 'ગોડ ઓફ થન્ડર' ક્રિસ હેમ્સવર્થ લીડ રોલમાં છે એવી ફિલ્મ ઢાકામાં કર્યો. જેમાં હિરેને વાયરલેસ લાઈટિંગ ઓપરેટર તરીકે કામ કર્યુ. જે ફિલ્મના સિનેમટોગ્રાફેર ન્યુટન થોમસને ખૂબજ પસંદ પડ્યુ હતુ. લાઈટિંગે સિનેમટોગ્રાફી માટેનો બેઝ કહેવાય છે. હિરેને નવાઝુદીન સિદીકી દ્વારા અભિનીત ફિલ્મ મંન્ટોમાં ઈન્ટર્ન આસીસ્ટન્ટ સિનેમટોગ્રાફેર કામ કર્યુ છે. આમ ૩ વર્ષ દરમિયાન લાઈટિંગમાં નીકાળ્યા જેમાં મેં હોલિવુડની ચાર ફિલ્મ અને બોલીવુડની એક તથા ઘણી બધી એડ. ફિલ્મમાં કામ કર્યા બાદ હાલ હિરેન તેના ડ્રિમ વર્ક એટલે કે સિનેમટોગ્રાફિ માટે બોલીવુડના ખૂબ જ જાણીતા અને માસ્ટર સિનેમટોગ્રાફેર અનિલ મહેતાની સાથે આસિસ્ટન્ટમાં જોડાયો છે અને એમની સાથે હાલ કામ કરી રહ્યો છે. આસિસ્ટન્ટ સિનેમટોગ્રાફર તરીકે હિરેનના પહેલા જ પ્રોજેક્ટ હાલમાં આવેલી ફ્લિપકાર્ટની એડ. ફિલ્મો કરેલી. જેમાં તેણે બોલીવુડના દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચન, અભિનેત્રી દીપિકા પાદુકોણ, આલિયા ભટ્ટ તેમજ સાઉથ સુપર સ્ટાર મહેશ બાબુ, ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની અને વિરાટ કોહીલની સાથે કામ કરવા મળ્યું...જે બહુ મોટી વાત છે. હિરેન ચૌધરીએ જણાવ્યુ કે મારી હજુ તો શરૂઆત જ થઈ છે. હું એક સારો સિનેમટોગ્રાફર અને ફિલ્મમેકર બનવા માંગુ છુ.

## બનાસકાંઠા જિલ્લા ઉધોગ કેન્દ્રનો કલાર્ક પાંચ હજારની લાંચ લેતાં ઝડપાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા ઉધોગ કેન્દ્ર પાલનપુર ખાતે આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા સિનિયર કલાર્કને એસીબીની ટીમે મંગળવારે રૂપિયા ૫૦૦૦ની લાંચ લેતાં રંગે હાથ ઝડપી લીધો હતો. જેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતાં લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર સ્થિત જિલ્લા ઉધોગ કેન્દ્રની કચેરીમાં આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા સિનિયર કલાર્કને જિલ્લા એસીબીની ટીમે લાંચ લેતાં રંગે હાથ ઝડપી લીધો હતો. આ અંગે એસીબી પીઆઇ કે. જે. પટેલે જણાવ્યું હતુ કે, જિલ્લા ઉધોગ કેન્દ્રની કચેરીમાં સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત લોન સહાય મેળવવા માંગતા લાભાર્થીઓ પાસેથી વાંધા વચકા કાઢી યેનકેન પ્રકારે લાંચ આપવા મજબુર કરાય છે. જે હકિકત આધારે સત્યતાની ખાતરી કરવા માટે મંગળવારે ડીકોઇનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા સિનિયર કલાર્ક ગીરીશ પ્રજાપતિ રૂપિયા ૫૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જેમને લાંચની રકમ સાથે રંગે હાથ ઝડપી લેવામાં આવ્યો હતો. આ અંગે સુપરવિઝન અધિકારી મદદનીશ નિયામક એસીબી બોર્ડર ભૂજ કે. એચ. ગોહિલના માર્ગદર્શન મુજબ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે

# ટાટા-હેકસા કારમાંથી નરોડાના બુટલેગરને વિદેશી દારૂ સાથે દબોચ્યો

શામળાજી, તા. ૨૩

ગુજરાતમાં કહેવાતી દારૂબંધી વચ્ચે તહેવારોની સીઝનમાં વિદેશી દારૂની મોટી ડિમાન્ડ રહે છે. વિદેશી દારૂની માંગમાં વધારો થતા બુટલેગરો મોટા પ્રમાણમાં વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ ઠાલવી રહ્યાં છે. અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે શામળાજી નજીકથી ટાટા-હેક્સા કારમાંથી ૩૩ હજારના વિદેશી દારૂ સાથે પાશ્વનાથ શોપિંગ સેન્ટરમાં રહેતા કુલદીપસિંહ મહીપતસિંહ વાઘેલા નામના બુટલેગરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લીજિલ્લા એલસીબી પીઆઈ એન.કે. રબારી અને પીએસઆઈ કેતન વ્યાસે અલગ અલગ ટીમ બનાવી જિલ્લામાં પ્રોહિબિશન અને ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા સઘન પેટ્રોલિંગ હાથ ધરી હતી. શામળાજી નજીક રાજસ્થાન તરફથી આવતી વાદળી કલરની ટાટા-હેક્સા કાર (ગાડી નં. એમએચ.૪૩.બીપી.૧૪૪૭)ને



અટકાવી કારની તલાસી લેતા પાછળની સીટમાં સંતાડીને રાખેલી વિદેશી દારૂની ૬૬ બોટલ કિં. રૂ. ૩૩૦૦૦ તથા કારની કિં. રૂ. ૭ લાખ મળી કુલ રૂ. ૭,૩૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કારચાલક કુલદીપસિંહ મહિપતસિંહ વાઘેલા (રહે. એસ.૨૧, પાશ્વનાથ શોપિંગ સેન્ટર, નિકોલ રોડ, નરોડા, અમદાવાદ)ને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ શામળાજી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી આગળની તપાસ શામળાજી પોલીસને સુપ્રત કરી હતી.



**ડીસામાં મંદીનો માહોલ....**

દિવાળીના સપરમા તહેવારોની આજે વાઘબરસથી શરૂઆત થઈ રહી છે ત્યારે નોટબંધી અને જી.એસ.ટી.ની અસરો હજુપણ બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં વર્તાઈ રહી છે ભયંકર નાણાં ભીડના કારણે બજારોમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે ગ્રાહકો પણ ખપ પૂરતી મર્યાદિત ખરીદી કરે છે તેથી ગ્રાહકોના અભાવે વેપારીઓ પણ દુકાનોની સાફ સફાઈ કરી સરકારના સ્વચ્છતા અભિયાનમાં જોતરાઈ ગયા છે.

## બનાસકાંઠા જિલ્લા ઉધોગ કેન્દ્રના લાંચીયા કલાર્કના ઘરેથી સવા લાખ રોકડા મળ્યા

### ઉધોગ કેન્દ્રના મેનેજરના મકાન આગળ પડેલી લકઝરીયસ કાર અંગે તપાસ શરૂ કરાઇ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા ઉધોગ કેન્દ્ર પાલનપુર ખાતે આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા સિનિયર કલાર્કને એસીબીની ટીમે મંગળવારે રૂપિયા ૫૦૦૦ની લાંચ લેતાં રંગે હાથ ઝડપી લીધો હતો. દરમિયાન તેના ઘરની તલાસી લેતાં સવા લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. આ ઉપરાંત ઉધોગ કેન્દ્રના મેનેજરના બંધ મકાન આગળ પડેલી કાર અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા ઉધોગ કેન્દ્રની કચેરીમાં સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત લોન સહાય મેળવવા માંગતા લાભાર્થીઓ પાસેથી વાંધા વચકા કાઢી યેનકેન પ્રકારે લાંચ આપવા મજબુર કરાય છે. જે હકિકત આધારે સત્યતાની ખાતરી કરવા માટે મંગળવારે ડીકોઇનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા સિનિયર કલાર્ક ગીરીશ પ્રજાપતિ રૂપિયા ૫૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જેમને લાંચની રકમ સાથે રંગે હાથ ઝડપી લેવામાં આવ્યો હતો. આ અંગે બનાસકાંઠા એલસીબી પીઆઇ કે. જે. પટેલે જણાવ્યું હતુ કે, સુપરવિઝન અધિકારી મદદનીશ નિયામક એસીબી બોર્ડર ભૂજ કે. એચ. ગોહિલના માર્ગદર્શન મુજબ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



આપણા રાષ્ટ્રીય પ્રમુખ અને ભારત દેશના ગ્રુહમંત્રીશ્રી અમિતભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે પાલનપુર સિવીલ હોસ્પિટલ ખાતે ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પાલનપુર નગરપાલિકા પ્રમુખશ્રી અશોકભાઈ ઠાકોર, ઉપપ્રમુખ હેતલબેન રાવલ, ભાજપ જીલ્લા મંત્રી રાજુભાઈ, ભાજપ શહેર પ્રમુખ મુન્નાભાઈ, શહેર ભાજપ મહામંત્રી અતુલભાઈ, હસમુખભાઈ પઢીયાર, દેવેન્દ્રભાઈ રાવલ તેમજ જાગૃત નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસામાં પરણિતાએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ડીસા

ડીસાના અમૃતસાગર સોસાયટી ખાતે રહેતી એક પરણિતાએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન દોરી ટૂંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે જોકે આ મામલે તાલુકા પોલીસે હાલ તો અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા ના હાઈવે નજીક આવેલ અમૃત સાગર રેસિડેન્સીમાં રહેતા યોગેશકુમાર મંછાજી માળી હારીજ ખાતે બેન્ક ઓફ બરોડામાં એગ્રીકલચર ઓફિસર તરીકે ફરજ બજાવે છે તેઓના લગ્ન રાજસ્થાન ખાતે રહેતા રમેશકુમાર તારાજીની દીકરી ભાવના સાથે તારીખ ૧૩/૧૨/૧૮ ના રોજ થયેલ ગત તારીખ ૨૨/૧૦/૧૯ નારોજ ભાવના બેન અગમ્ય કારણોસર પોતાના મકાનના ઉપરના રૂમમાં પંખા સાથે સાડી વડે ગળે ફાંસો ખાઈ લેતા આ મામલે યોગેશભાઈ અને પરિવારજનો દ્વારા તાલુકા પોલિસને જાણ કરતા તાલુકા પોલીસની ટિમ દોડી આવી હતી અને મૃતક ભાવનાબેનની લાશને પી. એમ. અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી આ મામલે પોલીસે હાલમાં અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જો કે, પરણીતાના પતિએ તે તેની બહેનપણીના પતિ સાથે મોબાઈલ ઉપર વાત ને લઈ જમવાનું પણ બનાવેલ નહિ અને રાત્રે ઉપરના રૂમમાં જઈ ખોટું પગલું ભર્યુ હોવાનું જણાવ્યું હતું પરંતુ તેણીના અકાળે આપઘાતને લઈ સ્થાનિકોમાં અવનવા તર્ક વિતર્કો વહેતા થવા લાગ્યા છે.

# ધાનેરામાં કપાયેલા વૃક્ષોની વધી રહેલી હેરાફેરી

સરકારશ્રીના "વૃક્ષવાવો જીવન બચાવો"ના નારા અને કરોડો રૂપિયાના કરેલ કાર્યક્રમોના ધજીયા ઉડી રહ્યા છે પત્રકાર મીડિયા દ્વારા આંખે દેખ્યા અહેવાલો પ્રસિદ્ધ કરવામાં આવે છે છતા અધિકારીઓના પેટનું પાણી કેમ હલતું નથી? ધાનેરાના મામલતદાર શ્રી તેમજ ફોરેસ્ટ ખાતું આજદિન સુધી લીલા કપાયેલા વૃક્ષો પર કોઈ કાર્યવાહી કેમ કરતું નથી? શું તેઓને તેમના ખિસ્સા ભરવામાં રસ છે? આ બાબતે લોકો દ્વારા પણ અનેક વખત રજુઆતો કરવામાં આવેલ છે છતાં કોઈ કાર્યવાહી કરવામાં કેમ આવતી નથી? અને રાત્રિના સમયે ખુલ્લેઆમ લીલા વૃક્ષો ભરીને જતા ટ્રેક્ટરો જોઈ ને લોકો પણ અધિકારીઓ પર ફીટકાર વરસાવી રહ્યા છે વૃક્ષદયા પ્રેમીઓ પણ વૃક્ષ વાવો ના નારા લગાવી રહ્યા છે અને વૃક્ષ વાવો ના કાર્યક્રમમાં અધિકારીઓ વૃક્ષો વાવવાના તાયફા કરી ફોટા પડાવી રહ્યા છે તેવો કયા મોઢે વૃક્ષ વાવી અને ફોટા પડાવે છે તે શરમ લાયક ઘટના છે જો આ બાબતે મામલતદાર શ્રી અને ફોરેસ્ટ ખાતું રાત્રિના સમયે ઓચિંતી તપાસ કરવામાં આવે તો અનેક લીલા વૃક્ષો બિન કાયદેસર રીતે કપાઈ ને સો મિલો મા ઠલવાઈ રહ્યા છે જો આ લીલા વૃક્ષો હેરાફેરી કરતા ટ્રેક્ટરો વાળા કાયદેસરની રીતે લઈ જતા હોય તો ફક્ત રાત્રિના સમયે જ કેમ હેરાફેરી કરે છે? તે એક મોટો સવાલ છે અને હેરાફેરી કરતા ટ્રેક્ટર અને ટ્રોલીઓને આરટીઓના નંબર વગરની પ્લેટો જોવા મળી રહી છે દેશને વિકાસ તરફ નહીં વિનાસ તરફ દેશ ને અધિકારીઓ લઈ જઈ રહ્યા છે. જો લીલા વૃક્ષો બાબતે ની કાર્યવાહી કરવામાં નહીં આવે તો વૃક્ષપ્રેમી ન છૂટકે કાયદો હાથમાં લઈ અને અધિકારીઓની વાહનો સુપરત કરવાનો સમય આવે એમ લાગી રહ્યું છે. અધિકારીઓને ફક્ત ૧૧ થી ૫ નો સમય નોકરીની ફરજ પછી શું કપાયેલા વૃક્ષો ની થતી હેરાફેરી અધિકારીઓ ની ફરજ માં નથી આવતું ? ટૂંકમાં હવે અધિકારીઓ નહીં જાગે તો લોકોએ કાયદો હાથમાં લઈ લેવાની ફરજ પડશે ?